# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

છે હવે મહિલાના હાથમાં બધું, રંધાઇ જશે!
ફાટ્યા-તૂટ્યા સંબંધો ય સોયદોરે સંધાઇ જશે!
હોય હમેશાં એવું જ જેના હાથમાં તેના મોં માં -
આનંદો! હવે નગરમાં જ જેલ બંધાઇ જશે!
(મહિલાલક્ષી, બજેટ)

## હાઇકુ

ચઢી છે ધક્કે!
બિલ્લી મારે કુત્તે કો -
જા મોંઘવારી..
(મિટીંગો ના ચક્રાવે..)

હાલ્યા ગ્યા દિલ્હી,
વિણાટ અધિકારી -
રહ્યા કણકી..
(આપણાં નસીબે)

## ચિંતન

**ગંગા પાપં શશી તાપં દૈન્ય કલ્પતરૂ સ્તથા । પાપં તાપં ચ દૈન્યં ચ ધ્નન્તિ સંતો મહાશયાઃ ॥**

‘ગંગા પાપને ધોઇ નાખે છે અર્થાત્ પાપનું હરણ કરે છે, ચંદ્રના શીતળ કિરણ તાપ-સંતાપનું હરણ કરે છે અને કલ્પવૃક્ષ દીનતા-ગરીબીનું હરણ કરે છે; પરંતુ વિશાળ હૃદયવાળા દયાળું સંત-પુરૂષ તો એકલા જ પાપ, તાપ અને દૈન્ય ત્રણેને એક સાથે હરી લે છે.’

ગંગાજીના પવિત્ર જળમાં સ્નાન કરવાથી બધાં પાપ નિર્મૂળ થઇ જાય છે આમ ગંગા પાપ મોચની કહેવાય છે.

ચંદ્ર કિરણ શાંતિ દાતા છે આયુર્વેદની દૃષ્ટિએ પણ શરદપૂર્ણિમાની ચાંદનીના કિરણનો ઔષધીય ઉપયોગ થાય છે. (દૂધ-પૌંઆ)

...અને કહેવાય છે કે કલ્પવૃક્ષ નીચે બેસી કોઇ પણ કલ્પના-વિચાર કરવામાં આવે તે સફળ થાય છે. ગરીબી દૂર થાય છે.

પરંતુ સંતો-સજ્જનના સત્-સંગથી એકમાત્ર સંત દ્વારા જ આ ત્રણે બાબત તદ્દન સરળ રીતે પ્રાપ્ત થઇ જાય સત્સંગથી પાપ પણ ધોવાઇ જાય, શાતા પણ મળે અને મનોરથ ફળે છે.

## સુવિચાર

- આપણે જે જાણીએ છીએ તે જ આપણને જણાવે છે, છતાં ને છતાં આપણે આશ્ચર્યચકિત થઇ જઇએ છીએ તેજ સાચો લેખક છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માનવતાની સુરક્ષા સૌથી મોટો કર્તવ્ય અને ધર્મ છે, જ્યાં માનવતાના રક્ષક વસે છે ત્યાંની ધરતી પણ વંદનીય છે - **કાન્તિ ભટ્ટ**
- તમે જો સીધા ઉભા રહ્યા હો તો વાંકા ચૂકા પડછાયાની દરકાર ન કરશો - **ચીની કહેવત**
- કાંઇ લીધા વગર ના દુનિયામાં ક્યાં કોઇ આપે છે. ફૂલ થતાં પહેલાં ‘બી’ ને માટીમાં મળવું પડે છે - **હંસલ ભચેચ**
- દરેક વ્યક્તિ જ્યાં આપવાની વાત કરે છે, ત્યાં ‘રામાયણ’ સર્જાય છે, અને જ્યારે હડપવાની વાત કરે છે ત્યારે ‘મહાભારત’ સર્જાય છે - **જનકલ્યાણ**
- સંસાર છે શેરડીનો સાંઠો, એમાં ડગલે ને પગલે દુઃખની ગાંઠો - **સુભાષિત**
- અતિશય વેદના હસે છે, અતિશય આનંદ આક્રંદ કરે છે - **તમિલ કહેવત**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

સાચા સંત-ભક્ત-બાપુને ઇશ્વરમાં જ પૂર્ણ શ્રદ્ધા-વિશ્વાસ હોય છે તેથી કરીને આવતી કાલની ચિંતા કરી આશ્રમ-બેન્કબેલેન્સ-ભંડારની ચિંતા એમને રહેતી નથી. સામાન્ય ઝૂંપડીમાં રહી-ઇશ્વર ભજન ચિંતન એ જ એમનું લક્ષ્ય હોય છે.

ભક્ત પુરંદર અને તેની પત્ની સ્વભાવે નિર્મળ હતાં અને દુનિયાના ભૌતિક સુખોથી ખૂબ જ દૂર હતા. સાદું જીવન અને ઇશ્વર ભજન એ જ એમનું લક્ષ્ય હતું.

રાજાને કોને પતિ-પત્નીની ‘નિર્લેપતા’ બાબત વાત આવી. રાજાએ રાજપુરોહિતને કહ્યું, એ તો ન મળે નારી તો સન્યાસી જેવું જ હોય, ધન-દોલત મળે તો કોઇ જતી ન કરે અને સુખ-સગવડમાં જ આળોટે - રાજપુરોહિત કહે સામાન્યતઃ એવું બનતું હોય છે ખરું પણ ભક્ત પુરંદર અને તેની પત્ની એ કક્ષામાં ન આવે! એ બંને જૂદી માટીનાં છે!

દરબારમાં ભજન માટે બોલાવ્યા. રાજાએ એમની માગણી મુજબ મગ-ચોખાની ખીચડી આપી પણ અંદર કિંમતી દસ બાર હીરા પણ નાખી દીધા.

બીજે દિવસે, રાજા અને પુરોહિત છૂપી રીતે પુરંદરની ઝૂપડીનું નિરીક્ષણ કરતા હતા. ત્યાં પુરંદરના પત્ની આંગણામાં ઓટલીએ બેસી ખીચડી વીણતાં હતા. કાચ જેવા પથ્થરા ફેંકી ખીચડી સાફ કરી.

રાજાએ જોયું અને હીરા એકત્ર કરી પુરંદર પાસે ગયા-પત્ની કહે મને સમજ પડી કે કંઇક કિંમતી પથ્થરા છે પણ અમારે એનું શું કામ - પુરંદરે પણ હીરાનો અસ્વીકાર કરી સાદા જીવનમાં સંતોષ છે એમ કહ્યું. રાજાએ બંનેને મનોમન વંદન કર્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

# રાષ્ટ્રપતિ કે ઉપરરાષ્ટ્રપતિ હાજર ન હોય ત્યારે દેશની ફરજ કોણ બજાવે છે?

## ખજાનો

- ડૉ. અનિલ પટેલ

### ભારતનું બંધારણ

(૧) ભારતની બંધારણ સભા કઈ યોજના નીચે ઘડવાની શરૂઆત થઈ?
(અ) લોર્ડ માઉન્ટબેટન યોજના (બ) એચ.એન. રોય
(ક) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (ડ) ડૉ. રાધાકૃષ્ણન

(૨) રાજયપાલને સોગંદ કોણ લેવડાવે છે?
(અ) મુખ્યમંત્રી (બ) રાષ્ટ્રપતિ
(ક) રાજયના ન્યાયમુર્તિ (ડ) સ્પિકર

(૩) કાનૂન બદલવાની સત્તા કોને છે?
(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન
(ક) સંસદ (ડ) ઉપરાષ્ટ્રપતિ

(૪) ભારતીય બંધારણમાં ફેરફાર કરવાનો અધિકાર કોને છે?
(અ) લોકસભા (બ) રાષ્ટ્રપતિ
(ક) વડાપ્રધાન (ડ) પાર્લામેન્ટ

(૫) સ્પીકરનો હોદ્દો કયા દેશના બંધારણમાંથી લીધો છે?
(અ) બ્રિટન (બ) કેનેડા
(ક) રશિયા (ડ) જાપાન

(૬) રાષ્ટ્રપતિ અને સંસદ વચ્ચે કડીરૂપ કાર્ય કોણ કરે છે?
(અ) વડાપ્રધાન (બ) સંસદસભ્ય
(ક) સ્પિકર (ડ) એટર્ની જનરલ

(૭) કોમ્પટ્રોલર એન્ડ ઓડીટર જનરલ ઓફ ઈન્ડિયાની નિમણુંક કોણ કરે છે?
(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપતિ
(ક) સોલીસીટર જનરલ (ડ) ઉપરાષ્ટ્રપતિ

(૮) સૌથી ઓછી વિધાનસભાની બેઠકો કયા રાજયને છે?
(અ) સિક્કીમ (બ) ગોવા
(ક) મણિપુર (ડ) અરૂણાચલ પ્રદેશ

(૯) સૌથી વધારે વટહુકમ કયા રાષ્ટ્રપતિનએ બહાર પાડ્યા હતા?
(અ) નીલમ સંજીવ રેડ્ડી (બ) ફકરૂદ્દીન અલી અહેમલ
(ક) ડૉ. શંકરદયાલ શર્મા (ડ) ડૉ. ઝાકીર હુસેન

(૧૦) ભારતના પ્રથમ મહિલા પ્રધાન કોણ હતા?
(અ) શાહનોદેવી (બ) રમાદેવી
(ક) સરોજીની નાયડુ (ડ) રાજકુમારી અમૃતકૌર

(૧૧) સૌથી વધુ સમય સુધી મુખ્યમંત્રી તરીકે કોણ રહ્યું?
(અ) કર્પૂરી ઠાકોર (બ) એ. આર. અંતુલે
(ક) જયોતિ બાસુ (ડ) માધવસિંહ સોલંકી

(૧૨) રાષ્ટ્રપતિ કે ઉપરરાષ્ટ્રપતિ હાજર ન હોય ત્યારે દેશની ફરજ કોણ બજાવે છે?
(અ) એટર્ની જનરલ (બ) મુખ્ય ન્યાયમૂર્તિ
(ક) સોલીસીટર જનરલ (ડ) વડાપ્રધાન

(૧૩) ભારતમાં સૌ પ્રથમ દલિત મહિલા મુખ્ય પ્રધાન કોણ બન્યું હતું?
(અ) જયલલિતા (બ) મેધા પાટકર
(ક) માયાવતી (ડ) મમતા બેનર્જી

(૧૪) લોકસભામાં શાંતિ જાળવવા સ્પીકર કોની મદદ લઈ શકે છે?
(અ) મિલીટરી પોલીસ (બ) સાર્જન્ટ - એટ - આર્મ્સ
(ક) બોર્ડર સિક્યુરીટી ફોર્સ (ડ) સેન્ટ્રલ રીઝર્વ પોલીસ

(૧૫) આંદામાન-નિકોબાર અને પોંડીચેરીના વહીવટી અધિકારીને કયા નામે ઓળખવામાં આવે છે?
(અ) ગવર્નર (બ) ચીફ મિનિસ્ટર
(ક) ચીફ કમિશ્નર (ડ) લેફ્ટેનન્ટ ગર્વનર

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૪ જુલાઈ ૧૯૪૫ જહોન એલન પોલોસ-અમેરિકન ગણિતશાસ્ત્રી અને લેખક.
- ૪ જુલાઈ ૧૯૧૧ ફેડરીક સેઈઝ-અમેરિકન ભૌતિક વૈજ્ઞાનિક, ન્યુક્લિયર ફિઝિક્સ પર સંશોધન કરનાર વૈજ્ઞાનિક
- ૪ જુલાઈ ૧૯૦૬ વિન્સેન્ટ જોસેફ સ્કેઈફર - અમેરિકન ભૌતિક અને રસાયણ વૈજ્ઞાનિક
- ૫ જુલાઈ ૧૯૦૪ અર્ન્સ્ટ મેયર-જર્મનીના વતની પણ અમેરિકન જીવન વૈજ્ઞાનિક
- ૫ જુલાઈ ૧૮૯૧ જહોન હાવર્ડ નોથ્રોપ - અમેરિકન બાયોકેમીસ્ટ ૧૯૪૬માં નોબલ પારિતોષિક વિજેતા.
- ૫ જુલાઈ ૧૮૮૮ હર્બટ સ્પેન્સર ગેસર-અમેરિકન માનવ શરીરશાસ્ત્રીના વૈજ્ઞાનિક, ૧૯૪૪માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૬ જુલાઈ ૧૯૧૩ જે. કાર્સન માર્ક - કેનેડિયન-અમેરિકન વૈજ્ઞાનિક થર્મોન્યુકલીયર બોમ્બના શોધક.
- ૬ જુલાઈ ૧૯૦૩ એક્ષેલ હુગો - સ્વીડનના બાયોકેમીસ્ટ, એન્ઝાઈમ પર સંશોધન કરનાર વૈજ્ઞાનિક.
- ૬ જુલાઈ ૧૮૭૯ કર્લ મેબાચ-જર્મન એન્જીનીયર, એન્જીન ડિઝાઈન કરનાર વૈજ્ઞાનિક.
- ૭ જુલાઈ ૧૯૪૪ ઈયાન વિલ્મ્યૂટ-ઈંગ્લીશ-એમ્બ્રીયોલોજીસ્ટ, ૧૯૯૬માં કલોનીંગથી ડોલી નામનું ઘેટું બનાવનાર.
- ૭ જુલાઈ ૧૮૧૯ નેટ્ટી મારીયા સ્ટેવન્સ - અમેરિકન જનીન વૈજ્ઞાનિક
- ૭ જુલાઈ ૧૯૫૮ સિડને વેલ્ટમર - અમેરિકન વૈજ્ઞાનિક અને લેખક
- ૮ જુલાઈ ૧૯૨૬ એલીસબેધ કુલ્લર રોઝ - સ્વીઝ અમેરિકન તબીબ શાસ્ત્રી, અને સાયકોલોજીસ્ટ
- ૮ જુલાઈ ૧૯૦૬ થેરોન રેન્ડોલ્ફ - અમેરિકન ચેપી રોગ નિષ્ણાત વૈજ્ઞાનિક
- ૮ જુલાઈ ૧૯૦૪ હેનરી કાર્ટન - ફ્રેન્ચ ગણીતશાસ્ત્રી તેમના પિતા એલીસ કાર્ટન પણ ગણિતશાસ્ત્રી હતા.
- ૮ જુલાઈ ૧૮૯૯ ઔડ્રેય રીચાર્ડસ- ઈંગ્લીશ સોશ્યિલ એન્થ્રોપોલોજીસ્ટ.
- ૯ જુલાઈ ૧૯૩૮ જેમ્સ બી. પોલોક - અમેરીકન વૈજ્ઞાનિક ન્યુક્લિયર વિન્ટર પર સંશોધન કરનાર નાશાના વૈજ્ઞાનિક
- ૯ જુલાઈ ૧૯૩૩ ઓલીવર સેક - ઈંગ્લીશ ન્યુરોલીજીસ્ટ અને લેખક
- ૯ જુલાઈ ૧૯૨૬ બેન મોટેલશન - અમેરીકન - ડેનીશ ભૌતિક વૈજ્ઞાનિક. ૧૯૭૫માં નોબેલ પારિતોષિક વિજેતા.
- ૧૦ જુલા.૧૯૨૦ એવોન ચેમ્બર લેઈન - અમેરીકન ભૌતિકશાસ્ત્રી ૧૯૫૯માં નોબલ પારિતોષિક વિજેતા.
- ૧૦ જુલા.૧૯૨૦ એડવર્ડ લોવ - અમેરિકન વૈજ્ઞાનિક
- ૧૦ જુલા.૧૯૦૨ ક્રુટ એલ્ડર - જર્મન રસાયણ વૈજ્ઞાનિક ૧૯૫૦માં નોબેલ પારિતોષિક વિજેતા.

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - આસામ રાજયના હાલનાં મુખ્યમંત્રીશ્રી કોણ છે?**

**જવાબ - તરૂણ ગોગોઇ**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એ. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર ‘દધિ’ : સે-૭
(૪) રેખા એમ. જાદવ : સે-૩૦ (૫) આરતી દોશી : સે-૩૦
(૬) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફોસીટી જુનિ.સાયન્સ કોલેજ
(૭) દિનેશચંદ્ર કરણાભાઈ ચૌહાણ : થરાદ (૮) પંકજ પ્રજાપતિ : ઉવારસદ

### આ સપ્તાહનો સવાલ

**દિલ્હીના હાલના લેફ્ટનન્ટ ગર્વનર કોણ છે?**

**આપના સાચાં જવાબ સાત દિવસમાં મોકલવામાં માટેનું સ્થળ**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) બ (૨) ક (૩) ક (૪) ડ (૫) અ (૬) અ (૭) બ (૮) અ (૯) બ (૧૦) ડ (૧૧) ક
(૧૨) બ (૧૩) ક (૧૪) બ (૧૫) ડ

# ડૉકટરનો દિવસ : ઈન્હેં દવા કી જરૂરત હૈ કે દુઆ કી?

## ધ કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

૧લી જુલાઈ ડોક્ટર્સ ડે છે, એવી કોઈ મોઘીદાટ ક્લિનિક ની બહાર બેઠેલા પેશન્ટોને ખબર નહી હોય પણ ઉજવાય છે, ડો.બી.સી.રોયની યાદમાં! જેમના નામ નો એવોર્ડ આપે છે મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને તેઓ બંગાળ ના બીજા મુખ્ય મંત્રી હતા! ૧લી જુલાઈ તેમનો જન્મદિન અને મૃત્યુ દિન બન્ને છે અને ભારત રત્નથી સમ્માનિત!

ભારત સહિત દુનિયા ભર માં મેડીકલ ફિલ્ડ માટે બહુ માન અને ઘેલછા બન્ને છે! દરેક સમુદાય ડોક્ટરને દેવ માનીને ચાલે છે અને જિંદગી અને મોત વચ્ચે કોઈ અંતર પેદા કરી શકતું હોય ત્યારે તે માત્ર ને માત્ર ડોક્ટર છે - એની હોશિયારી અને આવડત ની બદોલત! સામન્યત ડોક્ટર એટલે સફેદ એ-ોન માં ગળા ની ફરતે સ્ટેથોસ્કોપ લટકાવી ને એન્ટી સેપ્ટિક ની વાસ આવે એટલી ચોખી ચણાક ડિસઈન્ફેક્ટેડ ક્લિનિક માં બેસનારો ગંભીર ફ્રેમલેસ ચશ્માં પહેરતો માણસ જેના બેકગ્રાઉન્ડ માં ભારેખમ ટાઈટલ્સ ધરાવતા પુસ્તકો નો શો-કેસ હોય! ફિલ્મો માં ડોકટરો જોયેલા છે, ઈનકો દવા કી નહિ દુઆ કી જરૂરત હૈ, કે પછી ઓપરેશન થિયેટર માં થી ગમગીન ચેહરે મો પર નું ગ્રીન માસ્ક ઉતારી ને પેશન્ટ ના સગાવ્હાલા ની આંખ માં આંખ મિલાવ્યા વગર આય એમ સોરી કહી ને ચાલી જતા ડોક્ટર સુધી ! બાબુ મોશાય બંગાળી ડો.ભાસ્કરને આનંદ માં જોવાની મજા પડી ગયેલી, થોડા વર્ષો પહેલા સોની પર આયુષ્માન નામ ના જિનિયસ ટાઈપ ના યંગસ્ટર પર એક મેડિકો સીરીયલ પણ શરુ થયેલી! ગ્રે ઝ એનાટોમી એ તો ભારે ઘેલું લગાડેલું એની જ તર્ઝ પર થોડી નબળી એવી સંજીવની નામની સીરીયલ પણ બની હતી! માથા થી જોડાયેલા બે સિયામીઝ ટ્વીન્સ ને સેપરેટ કરનાર તેમજ હેમીસ્ફેરેક્ટોમી એટલે કે એપિલેપ્સી માં આંચકા ખાતી નાનકડી છોકરીના મગજ નો અડધો ભાગ કાઢી નાખી તેનો જીવ બચાવનાર આફ્રો અમેરિકન ડો.બેન કાર્સનના જીવન પર બનેલી ફિલ્મ ધ ગિફ્ટેડ હેન્ડ્સની સંઘર્ષ કથા હૃદય અને મન બન્ને ને સ્પર્શી જાય એટલી તીવ્ર છે! આવી જ એક અલગ ફિલ્મ સમથીંગ દ લોર્ડ મેડ છે જેમાં એક સુથાર તરીકે કામ કરતો આફ્રો અમેરિકન કઈ રીતે ૪૦ ના દસકા માં હૃદય ની અસંભવ ગણાતી તકલીફ બ્લુ બેબી સિન્ડ્રોમનો ઉકેલ લાવે છે તેની સત્ય ઘટના છે... ટૂંક માં આ થઈ પડદાં ની વાત ! પણ શું પડદા પાછળ વાસ્તવિક દુનિયા ના ડોકટરો એવા જ હોય છે જેવા સિલ્વર સ્ક્રીન પર બતાવે છે...?

આપણા ગાંધીનગર - અમદાવાદ શહેરમાં મરવું અઘરું થઈ પડે એટલા અધધ ડોકટરો છે અને શહેર નજીકના કોઈ ગામડામાં જીવવું અઘરું થઈ પડે એટલી બધી બીમારીઓ છે! ડોકટરોની એક જમાનામાં ભગવાન જેવડી મોટી હેસિયત હતી, આજે બી છે ને તો’ય ઘટી છે! જનતા અબ જાનને લગી હે... સબ કુછ પેહચાન ને લગી હે! પી.સાઈનાથે ૧૯૯૬ માં રૂરલ રીપોર્ટીગ ના પોતાના અનુભવો પર એવરી બડી લવ્ઝ અ ગુડ ડ્રાઉટ માં લખ્યું છે કે ભારત માં સ્વાસ્થ્ય સેવા ઓ દર્દી સુધી પહોચાડનાર નર્સો કરતા ડોકટરો વધુ છે અને હજી ભારતીય પેશન્ટ ની સ્થિતિ ખસ્તા હાલ છે! તેમણે ગામો માં ચાલતી અવૈધ કે ઈલ-લીગલ મેડીકલ -ેક્ટીસનો પર્દાફાશ કર્યો - આ એ ગામો હતા જયાં ભૂવાઓ હકીમો અને ફેક ડિગ્રીધારી ડોકટરો ખાલી એસ્પિરીન ની ગોળીઓ કે ટેટ્રા સાયક્લીનના ઈન્જેકશનો વડે જ ઈલાજ કરતા! સૂચના અને જાગૃતિ ના કારણે આવી ઘટનાઓ માં ઘટાડો નોંધાયો છે ...પણ તોય હાઈવે પર તમને પથ્થરો પર હકીમો કે ગુપ્ત રોગો ના સર્વજ્ઞ કે ખાનદાની હિમાલયી દવાખાના ચોક્કસ દેખાશે જ...

મેડિસીન આજે સૌથી મોટો બિઝનેસ બની બેઠો છે, ફાર્માસ્યુટિકલ કંપનીઓ અને ડોકટરો ની માફિયા આજે મેઈન સ્ટ્રીમમાં એક્ટીવ છે જેને નકારી શકાય એમ નથી.

મેડીકલ શિક્ષણનું સ્તર હજી વિશ્વકક્ષાનું નથી અને અસ્વસ્થ રાજકારણ ભારત ના મેડીકલ જગત માં પણ છે જ! સેલ્ફ ફાઈનાન્સ મેડીકલ ડેન્ટલ અને પેરામેડીકલ કોલેજોના ઘણા ખરા સ્ટુડન્ટસ કન્વેયર બેલ્ટ પર પડતી ચાયનીઝ -ેડક્ટ જેવા છે- જેમની આવડત ભરેલી ચાવી ના રમકડાં થી વધુ નથી! અભ્યાસ પાછળ કરેલો પુષ્કળ ખર્ચો કે ઈન્વેસ્ટમેન્ટ વસૂલ કરવા માટે નું જે દુષ્ચક્ર શરુ થાય છે ! મેડીકલ કોલેજો ની અંદર સ્વસ્થ વાતાવરણ નો અભાવ છે, કેટલાક પાવરફુલ સિનિયરો નો વર્તાવ માફિયાના ડોન જેવો હોય છે, પોસ્ટ ગ્રેજયુએશન કરતા રેસીડેન્ટ ડોક્ટર્સ ને એક વાર એમની પોકેટ મની ક્યા વપરાય છેએની કેફિયત પૂછી જો જો... કદાચ તમે ના સાંભળવું જોઈએ એ બધું જ સાંભળી લેશો!

બીજું, જે હોસ્પિટલો સસ્તી છે ત્યાં સુવિધા નથી અને જે હોસ્પિટલોમાં સુવિધા છે એ સસ્તી નથી... અહિયાં જીવનના વર્ષો લાંબા કરવા ખિસ્સા ટૂંકા કરવા પડે છે! કોઈ દેખીતા કારણ વગર હાઈ ડોઝ એન્ટી બાયોટીક્સ અને પેઈન કિલર્સ ના ચક્રવ્યૂહ માં ફસાવતા ડોકટર્સ સામે પેશન્ટ મજબૂર થઈ બેઠો છે! દેશભરમાંથી ફેક ડોકટર્સ અને ડોકટરો દ્વારા થતી બેદરકારી અને છેતરપિંડી ની ખબરો સામાન્ય થતી જાય છે અને અમુક કિસ્સા માં તો રૂહ કાંપી જાય એટલા ભયાવહ!

પણ સાવ અધપતન નથી , સામે કેટલાક એવા પણ છે જે નિર્ભીક છે અને એટલા જ બાહોશ અને હોશિયાર પણ ! જે સિસ્ટમ નો ભાગ બન્યા વિના પોતાની જ એક સ્વચ્છ સિસ્ટમ ચલાવે છે... ભગવાન બનતા પહેલા આપણા ડોકટરો થોડા થોડા માણસ બની જાય તો સારું ...એ સાથે જ ડોક્ટર દિવસ ની અતિ શુભકામનાઓ! ઈમાનદારી ના ઈન્જેક્શન બજાર માં મળે એ દિવસની રાહ માં...

# પવન અને દરિયાના મોજાથી ગભરાઇને ભાગી જનારા જીવનમાં નિષ્ફળતા પામે છે

## જમાનાને ઓળખો

## ચેતનાનો સમય

- પ્રો. ઈન્દુભાઈ ભટ્ટ

“વાત મોઢું ધોવાની ભૂલી જજો
બારણું ખખડાવે છે સોનેરી તક”
- આદિલ મન્સૂરી

કેટલાક લોકો વાતવાતમાં કહે છે જમાનો ખરાબ આવ્યો છે. જમાનો ખરાબ નથી. પણ જમાનાને આપણે ખરાબ કરી નાખ્યો છે. જમાનો તો ચાલ્યા કરવાનો છે. જમાનો તો તમારી સામે અનેક પડકારો અનેક તકો લઇને આવે છે. તકો કાં તમારા ખોબામાં આવીને પડવાની નથી. તમારે તકોને ઝડપી લેવાની છે તકો ગતિમાન છે. તકો તો આવે ને જાય. હોંશિયાર લોકો, ચપળ લોકો, બુદ્ધિશાળી લોકો તકોને ઝડપી લે છે. આ મજાનો જાગૃતતા, કાર્યક્ષમતા, ચપળતા, વિચારશીલતા, સમયસૂચકતા, નિર્ણયાત્મકતાનો જમાનો છે.

મન ચંગા તો કથરોટમેં ગંગા - એ ન્યાયે તમે બુદ્ધિશાળી હશો. સમયને પરખનાર હશો તો તકો તો તમારા ખોળામાં આવીને પડશે. તમારા હાથ પગને હૈયું સલામત, ચપળ હશે કાર્યક્ષમ હશે તો તમે જમાનાની તકોને ઓળખી શકશો, પારખી શકશો અને તેમાંથી તમે શૂન્યમાંથી સર્જન કરી શકશો.

આદિલ મન્સૂરી તેમની ગજલમાં કહે છે કે જમાનાની સોનેરી તકો તમારા ભાગ્યનાં દરવાજા ખખડાવે છે. સોનેરી તકો જયારે તમારે આંગણે આવીને ઊભી હશે તો મોં જોવા જશો નહિં. આજે નહિં કાલે કે પછી તક ઝડપવા જેવી છે કે નહિં આવી કાંઇક અટકળોમાં ગુંચવાઇ જનારા તક ગુમાવે છે અને તમારા સ્ટેશને તકરૂપી ટ્રેઇન આવીને ઊભી હોય ત્યારે તમે સમયસર નહિં પહોંચો તો તમે ટ્રેઇન ચુકી જશો. આવેલી તક ફરી ફરીને આવતી નથી તકને ઝડપી લેવા તમારામાં સંકલ્પશક્તિ હોવી જોઇએ. ગની દહિંવાલા તેની ગઝલમાં કહે છે કે -

“શ્રદ્ધા જ મારી લઇ ગઇ મંઝિલ ઉપર મને
રસ્તો ભૂલી ગયો તો, દિશાઓ ફરી ગઇ”

તમે જે તક ને ઝડપી લીધી છે તે તકને પાર પાડવા તમારે અડગ આત્મવિશ્વાસ પૂર્વક શ્રદ્ધાપૂર્વક જહેમત ઉઠાવવાની છે. માર્ગમાં ઘણી તકલીફો આવશે, અડચણો આવશે, સંઘર્ષો આવશે એ તમામને પાર કરી તમારા માર્ગને તમારા ધ્યેયરૂપી રસ્તાને તમારી ધ્યેયરૂપી દિશાઓને વળગી રહીને તમારે તમારી મંઝિલે પહોંચવાનું છે પણ તમે તમારી મંઝિલે જતાં માર્ગમાં અટવાઇ જશો ભૂલા પડી જશો, અવળી દિશાઓએ જતાં રહેશો તો તમે સફળ નહિં થાવ. તમારા હાથમાં જે તક આવીને પડી છે તે તમને કહેશે કે તમે પરિવર્તનશીલ બનો. જે જમાનો છે જે તકો છે એ જમાનાને અનુરૂપ આવેલી તકો પરિવર્તન માંગે છે.

જૂની ઘરેડમાંથી બહાર નીકળવાનું છે. હવે યાંત્રિક જમાનો આવ્યો છે. ઓટોમોબાઇઝેશન, કોમ્પ્યુટરાઇઝેશનનો જમાનો આવ્યો છે. ગ્લોબલાઇઝેશનનો જમાનો આવ્યો છે. કાર્યક્ષમતાનો જમાનો આવ્યો છે. ઝડપી અને સુયોગ્ય નિર્ણયશક્તિનો જમાનો આવ્યો છે. સંદેશાવ્યવહારમાં ક્રાંતિ આવી છે. ઇન્ટરનેટનો જમાનો આવ્યો છે. તમારે આ જમાનાને અનુરૂપ તમે જે કોઇ તકને ઝડપી છે એ તકને યથાર્થ સ્વરૂપ આપવા તમારે જમાનાને અનુરૂપ નિર્ણયો લેવા પડશે અને તે માટેનું માળખું ઊભું કરવું પડશે તે માટે તમારામાં સાહસિકતા જોઇશે. જેણે ઔદ્યોગિક સામ્રાજય રચ્યા છે. એ બધામાં એક સાહસિકતા હતી. એડવર્ડ ગિબ્બન નામનો તત્ત્વચિંતક કહે છે કે સાહસિક ખલાસીઓને પવન અને દરિયાના મોજાં પર સહકાર આપે છે. પવન અને દરિયાના મોજાથી ગભરાઇને ભાગી જનારા જીવનમાં નિષ્ફળતા પામે છે. તમારે દરવાજે આવેલી તકને ઝડપી લેવા તમારામાં શારીરિક તાકાત કે શારીરિક ક્ષમતા નહિં હોય તો ચાલશે પણ તમારામાં ત્વરીત નિર્ણયશક્તિ, સાહસિકતા, ચપળતા, બુદ્ધિમતા, વિચારશીલતા, જમાનાને પારખવાની બુદ્ધિ હશે અને સખત પરિશ્રમ કરવાની તૈયારી હશે તો તમારી તકને યથાર્થ સ્વરૂપ આપી શકશો.

સખત પરિશ્રમનો અર્થ એવો નથી કે તમારે બાવડા અને પગની તાકાત વાપરવી પણ તમારે તમારી બુદ્ધિની તાકાતને અજમાવવાની છે. ભગવાન બુદ્ધ કહે છે કે જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ.

આપણું વ્યક્તિત્વ આપણાં વિચારો પર આધારીત છે. આ વિચારો જ આપણી સૃષ્ટિ રચે છે. થોમસ જેફરસન નામનો તત્વચિંતક કહે છે કે નસીબદાર માણસ એ છે કે જે નસીબમાં માનતો નથી. માનવી જેટલો વધુ પરિશ્રમ કરે છે એટલું તેનું નસીબ વધારે જોર કરે છે. જો કે પરિશ્રમ એવો નહિં કે જે ગધેડાની જેમ ભાર વેંઢારવાનો હોય. તમારે બુદ્ધિપૂર્વકનો પરિશ્રમ કરવામાં તમારી બુદ્ધિને શ્રમ આપવો પડશે. સોનામાંથી આકર્ષક દાગીના બનાવવા સોનાને તપાવવું પડે છે. દરેક ધાતુને ટીપવી પડે છે. પત્થરમાંથી દેવ બનાવવા પણ પત્થરને બુદ્ધિપૂર્વક કોરતવો પડે છે. તેમ જીવનમાં આવેલી તકોની યતાર્થરૂપ આપવા સંઘર્ષ વેઠવા પડે. મહેનત કરવી પડે. તમારી બુદ્ધિ પરિપક્વ બનાવવી પડશે. નિર્ણયોમાં ગુંચવાઇ જનારો અને બુદ્ધિમાં પરિપકવતા વગરનો માનવી સફળ થતો નથી. મુશ્કેલીઓમાં પણ વિચલીત થયા વગર આવેલી તકોને ઝડપી તેને યથાર્થ સ્વરૂપ આપવા અડગ આત્મવિશ્વાસ કેળવવો પડે છે.

ધીરજવાન બનો. ધીરજના ફળ મીઠા છે. થોમસ કાર્લાઇલ નામના ફિલોસોફરે કહ્યું છે કે

“જમાનો ખરાબ આવ્યો છે ભલે પણ ઇશ્વરે તમને અહિં મોકલ્યા છે એને સારો કરવા ઉજળો કરવા.”

(અનુસંધાન પાના નં. ૬ પર)